# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૧૭ તા.૭-૧૨-૧૫

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

આથી તમામ મ્યુનિ.શાળાઓના શિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે કે આગામી ગુણોત્સવ-૬ (૨૦૧૬)ના સંદર્ભે સ્કૂલબોર્ડના શિક્ષકોને માર્ગદર્શન મળે તે હેતુસર તા.૧૧-૧૨-૧૫ ના રોજ એક ટેલિકોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ છે. તેનું પ્રસારણ **બાયસેગ ચેનલ-૧** પરથી સવારના ૧૧: ૦૦થી ૧: ૦૦ દરમ્યાન થનાર છે.સવાર તેમજ બપોર પાળીના મુખ્ય શિક્ષકશ્રીઓએ ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રી સૂચવે તે સ્થળે ટેલિકોન્ફરન્સ નિહાળવા સવારે ૧૦:૩૦ કલાકે સમયસર ઉપસ્થિત રહેવું.તેમજ સવાર અને બપોરપાળીના તમામ શિક્ષકોએ પોતાની શાળામાં આ પ્રસારણ અચૂક નિહાળવાનું રહેશે.

પરિપત્ર નં.૧૫૪ તા.૬-૨-૧૫નો અભ્યાસ કરી તે મુજબ **શૈક્ષણિક પ્રવાસ મંજૂરી પત્રક** રજૂ કરી બાકી રહેતી શાળાઓએ તા.૩૧-૧૨-૧૫ સુધીમાં એક દિવસીય પ્રવાસ ગોઠવશો.વિદ્યાર્થીઓને શિક્ષણપ્રદ અનુભવો મળી રહે તેવાં સ્થળો જેવાં કે કાંકરિયા પ્રાણી સંગ્રહાલય,સરદાર પટેલ સ્મારક ભવન,ગાંધી આશ્રમ,સાયન્સ સીટી,કિડ્સ સીટી,અક્ષયપાત્રનું રસોડું,સ્ત્રી શક્તિ સંસ્થાનું રસોડું,એમ.જે.લાયબ્રેરી જેવાં સ્થળોની મુલાકાત પણ ગોઠવી શકાય તે માટે અગાઉથી આચાર્યશ્રીઓએ પોતાના લેટર પેડ પર લખાણ તૈયાર કરી જે તે સ્થળેથી જરૂરી મંજૂરી મેળવી લેવાની રહેશે.

ઉર્દૂ માધ્યમ સિવાયની શાળાઓમાં તા.૩-૯-૧૫ના રોજ રાંધણછઠ્ઠ નિમિત્તે અડધા દિવસની રજા આપવામાં આવેલ હતી,તો તા.૧૨-૧૨-૧૫ને શનિવારના રોજ શાળાઓ સોમવારથી શુક્રવારના રાબેતા મુજબના સમય પ્રમાણે ચાલુ રાખવાની રહેશે.

ઉર્દૂ માધ્યમની શાળાઓમાં તા.૩૧-૧૦-૧૫ ના રોજ સરદાર પટેલ જયંતિ નિમિત્તે રજા જાહેર કરવામાં આવેલ હતી,તેના અનુસંધાને તા.૧૩-૨-૧૬ના રોજ એહમદશાહ બાદશાહના ઉર્સની રજા રદ કરી તે દિવસે શાળાઓ રાબેતા મુજબ ચાલુ રાખવી.

જે નવ નિયુક્ત શિક્ષક તરીકે કે વિદ્યા સહાયક તરીકે નોકરી મેળવ્યા બાદ એમ.બી.બી.એસ.કે તેને સમકક્ષ ડૉક્ટરોનું મેડિકલ સર્ટી રજૂ કરે છે તેવા તમામ શિક્ષકોએ અ.મ્યુ.કોર્પો.કે સરકાર માન્ય સિવિલ સર્જનનું મેડિકલ ફિટનેસ સર્ટી તા.૨૫-૧૨-૧૫ પહેલાં જે-તે ઝોનમાં રજૂ કરવું.તેમ કરવામાં કસુર કરનાર શિક્ષકોનો ડિસે-૧૫નો પગાર સ્થગિત કરવામાં આવશે તેની નોંધ લેવી.

તા. ૭-૧૨-૧૫

ડૉ. એલ.ડી.દેસાઈ<br>
શાસનાધિકારી

નોંધ :- આથી તમામ મ્યુનિ.શાળાઓના મુ.શિ.ઓને જણાવવાનું કે દર શુક્રવારના રોજ પટાવાળા ભાઈઓ શાળામાં ટપાલ વિતરણ કરવા જતા હોઈ તે દિવસે કોઈ પણ શાળાએ સિક્કા પડાવવા અત્રેની કચેરીએ આવવું નહી.